# Gujarat Police Constable Dt. 23-10-16

1. ISRO (ઇન્ડિયન સ્પેસ રીસર્ચ ઓર્ગેનાઈઝેશન) એ તાજેતરમાં સપ્ટેમ્બર-2016માં એકી સાથે કેટલા ઉપગ્રહ(સેટેલાઈટ) સ્પેસ (space)માં મોકલ્યા ?
   (A) 4 (B) 8
   (C) 12 (D) 16
2. કુસ્તીમાં ઓલમ્પિકમાં મેડલ જીતવાવાળી પ્રથમ ભારતીય મહિલા કોણ છે ?
   (A) પી. વી. સંધુ (B) સાક્ષી મલિક
   (C) ગીતા ફોગટ (D) દીપીકાકુમારી
3. પેરા ઓલમ્પિક ગેમ્સ-2016માં તાજેતરમાં દીપા મલિકે કઈ રમતમાં મેડલ જીતેલ છે ?
   (A) ઊંચી કૂદ (B) શોટ પુટ (ગોળાફેંક)
   (C) ભાલાફેંક (D) લાંબી કૂદ
4. ક્યા પ્રથમ ભારતીયે પેરાઓલમ્પિકમાં બે ગોલ્ડ મેડલ જીત્યા ?
   (A) દેવેન્દ્ર જાજરીયા (B) મેરીયપન તેગવેલુ
   (C) વરૂણ ભાટી (D) રાજેન્દ્ર સિંહ રાહેલુ
5. રાષ્ટ્રીય રમતોમાં ગુજરાત સૌથી વધારે 10 ગોલ્ડ મેડલ ક્યારે જીત્યું ?
   (A) 1985, નવી દિલ્હી (B) 1997, કર્ણાટક
   (C) 2007, આસામ (D) 2015, કેરાલા
6. રીઓ ઓલમ્પિક-2016માં 100 મીટર દોડમાં ગોલ્ડ મેડલ મેળવનાર ઉસેન બોલ્ટ ક્યા દેશના વતની છે ?
   (A) અમેરિકા (B) જમૈકા
   (C) સાઉથ આફ્રિકા (D) ઈંગ્લેન્ડ
7. તાજેતરમાં નવી દિલ્હી ખાતે યોજાયેલ યોગાની આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનું ઉદ્દઘાટન કોણે કર્યુ ?
   (A) રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખર્જી
   (B) ઉપરાષ્ટ્રપતિ શ્રી હામિદ અન્સારી
   (C) પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી
   (D) ગૃહમંત્રી શ્રી રાજનાથ સિંહ
8. 2016ના વિમ્બલ્ડન ટેનિસ ચેમ્પીયનશીપમાં પુરુષોની વિમ્બલ્ડન ટ્રોફી કોણે જીતી ?
   (A) એન્ડી મુરે (B) મિલોસ રાઉનીક
   (C) રોજર ફેડરર (D) રફેલ નાડાલ
9. ફ્રેન્ચ ઓપન ટેનીસ ચેમ્પીયનશીપ-2016માં મિક્સ ડબલ્સનો ખિતાબ કોણે જીત્યો ?
   (A) લિયેન્ડર પેસ-માર્ટીના હિંગીસ
   (B) સાનિયા મિર્ઝા - ઈવાન કોડીક
   (C) સાનિયા મિર્ઝા - રોહન બોપન્ના
   (D) વિનસ વિલીયમ - રાજીવ રામ
10. નીચેનામાંથી ક્યું લીપ વર્ષ નથી ?
   (A) 2008 (B) 1800
   (C) 1980 (D) 440
11. યોગ્ય વિકલ્પ પસંદ કરી શ્રેણી પૂરી કરો.
   3, 4, 9, 6,27, 8..........
   (A) 64 (B) 10
   (C) 81 (D) 54
12. સમસંબંધને આધારે યોગ્ય વિકલ્પ પસંદ કરો.
   મકાન : દીવાલ :: દેશ : ?
   (A) સરહદ (B) રાજ્ય
   (C) સમુદ્ર (D) સૈન્ય
13. એક સ્ત્રીએ પુરુષને આંગળી ચીંધીને કહ્યું કે તેના ભાઈનો પિતા એ મારા દાદાનો એક માત્ર પુત્ર છે. તો સ્ત્રીનો પુરુષ સાથે શો સંબંધ હશે ?
   (A) પુરુષની બહેન છે. (B) પુરુષની માતા છે.
   (C) પુરુષની દીકરી છે. (D) પુરુષની દાદી છે.
14. જો 1 જાન્યુઆરી 2014ના રોજ બુધવાર હોય તો 1 જાન્યુઆરી 2015ના રોજ ક્યો વાર હશે ?
   (A) રવિવાર (B) બુધવાર
   (C) ગુરુવાર (D) શુક્રવાર
15. 10 માણસો એક કામ 10 દિવસમાં પૂરુ કરે છે. જો કામ એક દિવસમાં પૂરું કરવું હોય તો કેટલાક માણસો જોઈએ ?
   (A) 20 (B) 50
   (C) 100 (D) 200
16. કઈ સંખ્યા સૌથી મોટી છે ?
   (A) – 10 (B) – 20
   (C) – 30 (D) – 40
17. $1000 \times 0.05 \times 0.01 \times 100$
   (A) 0.5 (B) 5
   (C) 50 (D) 500
18. 400 + 50 + 3000 – 200 + 6
   (A) 3256 (B) 3656
   (C) 3156 (D) 3356

Happy Academy

19. 'અ', ભારતનો નાગરિક ઑસ્ટ્રેલિયામાં જઈ ખૂન કરીને ભારત પરત આવી જાય છે. ભારતમાં આવ્યા બાદ આ ગુનાની જાણ થાય છે.
(A) 'અ' ભારતમાં ગુનો ન કરેલ હોઈ ભારતીય ફોજદારી ધારા હેઠળ જવાબદાર ઠરશે નહીં.
(B) 'અ' સામે ભારતમાં જે સ્થળે તે મળી આવે તે સ્થળની અદાલતમાં ભારતીય ફોજદારી ધારા હેઠળ ટ્રાયલ ચાલશે.
(C) 'અ' સામે ભારતમાં જે સ્થળે તે મળી આવે તે સ્થળની અદાલતમાં ઓસ્ટ્રેલિયાના ફોજદારી ધારા હેઠળ ટ્રાયલ ચાલશે.
(D) 'અ' જો ભવિષ્યમાં ઓસ્ટ્રેલિયા જાય તો જ તેની સામે ઑસ્ટ્રેલિયાના ફોજદારી ધારા હેઠળ ટ્રાયલ ચાલશે.

20. ભારતીય ફોજદારી ધારા અન્વયે "ગેરકાયદેસર મંડળી"માં ન્યૂનતમ કેટલા સભ્યો હોવા જોઈએ ?
(A) પાંચ (B) સાત
(C) આઠ (D) નવ

21. 'અ' અને 'બ' જાહેર સ્થળે એકબીજા સાથે મારામારી કરી જાહેર શાંતિનો ભંગ કરે છે. નીચેના પૈકી તેઓ ક્યા ગુના માટે જવાબદાર ઠરી શકે ?
(A) ગેરકાયદેસર મંડળીના સભ્યો
(B) બખેડો
(C) હુલ્લડ
(D) બિગાડ (મિસચિફ)

22. ભારતીય ફોજદારી ધારો ઘડવામાં કોનું પ્રદાન રહેલ છે ?
(A) લૉર્ડ માઉન્ટબેટન (B) સર ફ્રેડરિક પોલોક
(C) લૉર્ડ મેકોલે (D) લૉર્ડ વિલિયમ બેન્ટિક

23. ભારતીય ફોજદારી ધારા અન્વયે 'ગુનાહિત કાવત્રા'માં ન્યૂનતમ કેટલાં વ્યક્તિ હોવા જોઈએ ?
(A) બે (B) ત્રણ
(C) પાંચ (D) સાત

24. 'અ', 'બ'ને પાઈપથી પગ પર ફટકો મારે છે, પરિણામે 'બ'ને પગે ફ્રેક્ચર થાય છે તથા તેને બે દિવસ હોસ્પિટલમાં સારવાર લેવી પડે છે. અહીં 'અ' ક્યા ગુના માટે જવાબદાર ઠરશે ?
(A) સાદી ઈજા (B) ગંભીર ઈજા
(C) ઈરાદાપૂર્વકની સાદી ઈજા (D) ખૂનનો પ્રયત્ન

25. ભારતીય ફોજદારી ધારામાં કેટલી કલમો છે ?
(A) 1થી 489 (B) 1થી 511
(C) 1થી 598 (D) 1થી 623

26. 'ખૂન' માટેની ભારતીય ફોજદારી ધારા અન્વયેની સજાની જોગવાઈ કઈ કલમમાં છે ?
(A) 299 (B) 300
(C) 301 (D) 302

27. 'અ' ઘરેણાંની ચોરી કરવાના ઈરાદાથી ઘરેણાંની પેટી તોડે છે. પરંતુ પેટીમાં ઘરેણાં નથી. અહીં 'અ'.........
(A) ચોરીના ગુના માટે જવાબદાર છે.
(B) ચોરી કરવાનો પ્રયત્નના ગુના માટે જવાબદાર છે.
(C) મિલકતની ગુનાહિત ઉચાપત કરે છે.
(D) કોઈ ગુનો કરતો નથી.

28. 'અ', 'બ'ની માલિકીના બળદને મારી નાંખે છે. અહીં 'અ' ભારતીય ફોજદારી ધારા હેઠળ ક્યો ગુનો કરે છે ?
(A) સાપરાધ મનુષ્ય વધ (B) ખૂન
(C) બિગાડ (D) મિલકતની ગુનાહિત ઉચાપત

29. નીચેનામાંથી કઈ ભારતીય બંધારણ માન્ય ભાષાઓની યાદીમાં નથી ?
(A) નેપાલી (B) ગુજરાતી
(C) રાજસ્થાની (D) સિંધી

30. ભારત દેશના બંધારણીય વડા છે -
(A) ભારતના વડાપ્રધાન (B) ભારતના રાષ્ટ્રપતિ
(C) ભારતના મુખ્ય ન્યાયાધીશ (D) ભારતના નાયબ વડાપ્રધાન

31. ભારતમાં રાજ્યના રાજ્યપાલ (ગવર્નર)ની નિમણૂક કોણ કરે છે ?
(A) વડાપ્રધાન
(B) રાજ્યની હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ
(C) ભારતની સંસદ (D) ભારતના રાષ્ટ્રપતિ

32. ભારતીય બંધારણમાં પ્રસ્તાવનામાં સમાજવાદી શબ્દ ક્યા સુધારાથી ઉમેરવામાં આવ્યો ?
(A) પ્રથમ સુધારો (1951)
(B) પાંત્રીસમો સુધારો (1975)
(C) બેતાલીસમો સુધારો (1976)
(D) ત્રેપનમો સુધારો (1986)

33. નિમ્નલિખિત પૈકી કઈ અખિલ ભારતીય સેવા નથી ?
(A) ભારતીય પ્રશાસનિક સેવા
(B) ભારતીય પોલીસ સેવા
(C) ભારતીય વન સેવા
(D) ભારતીય વિદેશ સેવા

Happy Academy

34. ભારતીય બંધારણમાં ક્યા અનુચ્છેદ હેઠળ રાજ્યોમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ થઈ શકે છે ?

(A) અનુચ્છેદ 200 (B) અનુચ્છેદ 300
(C) અનુચ્છેદ 356 (D) અનુચ્છેદ 370

35. રાજ્યસભાના વર્તમાનમાં સભાપતિ કોણ છે ?

(A) સુમિત્રા મહાજન (B) અરૂણ જેટલી
(C) હામીદ અન્સારી (D) પ્રણવ મુખર્જી

36. ભારતમાં રાષ્ટ્રપતિની ચૂંટણી માટે લાયકાત ન્યૂનતમ વય છે -

(A) 25 વર્ષ (B) 30 વર્ષ
(C) 35 વર્ષ (D) કોઈ ન્યૂનતમ વયમર્યાદા નથી.

37. હાઈકોર્ટની બંદી પ્રત્યક્ષીકરણ (Habeas Corpus) રીટની સત્તા બંધારણના ક્યા અનુચ્છેદ મુજબ છે ?

(A) અનુચ્છેદ 32 (B) અનુચ્છેદ 226
(C) અનુચ્છેદ 154 (D) અનુચ્છેદ 201

38. સૌર પરિવારનો સૌથી મોટો ગ્રહ ક્યો છે ?

(A) બુધ (B) ગુરૂ
(C) પૃથ્વી (D) મંગળ

39. રીક્ટર (રિચર) માપક્રમ શું માપે છે ?

(A) મેગ્માનું તાપમાન (B) ભૂકંપની તીવ્રતા
(C) ભૂકંપની વ્યાપકતા (D) સીરભંગ પ્રક્રિયા

40. ક્યા પ્રકારના ખડકો પ્રાથમિક કે મૂળ ખડકો છે ?

(A) પ્રસ્તર (B) રૂપાંતરિત
(C) સેન્દ્રિય (D) આગ્નેય

41. સૌથી વધુ સખત ખનીજ કઈ છે ?

(A) ટાલ્ક (B) હીરો
(C) સલ્ફર (D) જિપ્સમ

42. સૂર્યનાં પારજાંબલી કિરણોને શોષી લેનાર ક્યો વાયુ છે ?

(A) હિલિયમ (B) ઓઝોન
(C) ક્રિપ્ટોન (D) ઓર્ગન

43. ક્યા સાધનથી ભેજના પ્રમાણની આપોઆપ નોંધ લેવાય છે ?

(A) હાઈગ્રોમીટર (B) વર્ષામાપક
(C) એનિમોમીટર (D) બેરોમીટર

44. 'ભારતનો સંત્રી' એટલે શું ?

(A) હિંદ મહાસાગર (B) કચ્છનો અખાત
(C) અરવલ્લી પર્વત (D) હિમાલય પર્વત

45. ક્યા શહેર પાસેથી ભારતનો પ્રમાણસમય નક્કી થયેલો છે ?

(A) વારાણસી (B) અલ્હાબાદ
(C) કોલકાતા (D) પટણા

46. 1024 બીટ્સ = ...........

(A) 1 KB (B) 1 MB
(C) 1 TB (D) એકપણ નહીં

47. WANનું પૂરું નામ લખો.

(A) Wireless Area Network
(B) Wall Area Network
(C) Wide Area Network
(D) WiFi Area Network

48. નીચેનામાંથી ક્યો વિકલ્પ ઈન્ટરનેટ સાથે સંબંધિત છે ?

(A) URL (B) DMP
(C) BPM (D) URK

49. નીચેનામાંથી ક્યો વિકલ્પ ઈન્ટરનેટ શોધ એન્જિન નથી ?

(A) Google (B) Yahoo !
(C) Bing (D) King

50. ઈમેલમાં CCનો અર્થ શું છે ?

(A) Cut & Copy (B) Copy Case
(C) Carbon Copy (D) એકપણ નહીં

51. ..........એ ઓપરેટિંગ સિસ્ટમનું નામ નથી.

(A) Window XP (B) Linux
(C) Ubuntu (D) Apple

52. વિદ્યાર્થીઓના નામ સરનામાં કોમ્પ્યૂટરમાં સ્ટોર કરવા માટે ક્યા સોફ્ટવેરનો ઉપયોગ થાય ?

(A) Word (B) Power Point
(C) Write (D) Access

53. OCRનું પૂરું નામ........

(A) ઓપ્ટિકલ કેરેક્ટર રેકગ્નીસન
(B) ઓલ કેરેક્ટર રેકગ્નીસન
(C) ઓલ્ડ કેરેક્ટર રેકગ્નીસન (D) એકપણ નહીં

54. PDFનો અર્થ થાય છે.

(A) પ્યોર ડોક્યુમેન્ટ ફોર્મેટ (B) પ્યોર ડોક્યુમેંટ ફોન્ટ
(C) પોર્ટેબલ ડોક્યુમેન્ટ ફોર્મેટ (D) એકપણ નહીં

55. ઈન્ટરનેટના સંદર્ભમાં ISP નું આખું નામ....... થાય છે.

(A) Internet Service Provider
(B) Internet Show Provider

Happy Academy

(C) Internet Speed Provider

(D) Internet Space Provider

56. રામકૃષ્ણ મિશનની સ્થાપના કોણે કરેલ ?

(A) રાજારામ મોહનરાય (B) સ્વામી રામકૃષ્ણ

(C) સ્વામી વિવેકાનંદ (D) સ્વામી દયાનંદ સરસ્વતી

57. સન 1526 ઈ. માં પાણીપતનું પ્રથમ યુદ્ધ કોના વચ્ચે થયેલ ?

(A) અકબર તથા હેમૂ વચ્ચે

(B) રાણા સાંગા તથા ઔરંગઝેબ વચ્ચે

(C) બાબર તથા હેમૂ વચ્ચે

(D) બાબર તથા ઈબ્રાહીમ લોધી વચ્ચે

58. મધ્યકાલીન ભારતમાં 'મુહમ્મદાબાદ' તરીકે પ્રસિદ્ધ સ્થળ હતું.

(A) અમદાવાદ (B) કચ્છ

(C) પાટણ (D) ચાંપાનેર

59. 'જલિયાંવાલા બાગ' ક્યાં સ્થિત છે ?

(A) ચંડીગઢમાં (B) અમૃતસરમાં

(C) જાલંધરમાં (D) પઠાણકોટમાં

60. બનારસ હિંદુ વિશ્વવિદ્યાલયના સંસ્થાપક કોણ હતા ?

(A) બાલ ગંગાધર તિલક (B) મદન મોહન માલવીયા

(C) ઍની બેસન્ટ (D) સરદાર પટેલ

61. ભારતના પ્રથમ ગવર્નર જનરલ કોણ હતા ?

(A) વિલિયમ બૈન્ટિક (B) લૉર્ડ વિલિંગ્ડન

(C) લૉર્ડ મૈકાલે (D) લૉર્ડ હેસ્ટિંગ્જ

62. ભારતમાં 'થિયોસોફીકલ સોસાયટી'ની સ્થાપના કોણે કરેલ હતી ?

(A) સ્વામી વિવેકાનંદ (B) બાલ ગંગાધર તિલક

(C) ઍની બેસન્ટ (D) મહર્ષિ અરવિંદ

63. 'ઇન્ડિકા' પુસ્તકના રચયિતા છે -

(A) કૌટિલ્ય (B) હ્યુએન ત્સાંગ

(C) ફાહ્યાન (D) મૈગેસ્થનીજ

64. 1853માં ભારતમાં સર્વપ્રથમ રેલવે લાઈનની શરૂઆત ક્યાં બે સ્ટેશન વચ્ચે થયેલ ?

(A) દિલ્લી-મુંબઈ (B) મુંબઈ-થાણે

(C) મુંબઈ-પુણે (D) દિલ્હી-અમદાવાદ

65. જે વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે તે વ્યક્તિને તે માટેનાં કારણોની જાણ કરવી...

(A) જરૂર નથી. (B) તેના વકીલ માંગણી કરે તો જ.

(C) ફરજીયાત છે. (D) પોલીસ અધિકારી ઇચ્છે તો જ.

66. પત્ની, સંતાનો અને માતાપિતાના ભરણપોષણ માટેનો હુકમ કરવાની જોગવાઈ સી.આર.પી.સી.ની કઈ કલમમાં છે ?

(A) સી.આર.પી.સી. કલમ-13

(B) સી.આર.પી.સી. કલમ-25

(C) સી.આર.પી.સી. કલમ-125

(D) સી.આર.પી.સી. કલમ-1

67. સી.આર.પી.સી.ની કલમ-107 અનુસાર સંબંધિત વ્યક્તિએ સુલેહ-શાંતિ જાળવવા માટેની મહત્તમ મુદત શું છે ?

(A) ત્રણ વર્ષ (B) બે વર્ષ

(C) એક વર્ષ (D) પાંચ વર્ષ

68. સી.આર.પી.સી.ની જોગવાઈઓ અનુસાર, નીચેનામાંથી ક્યા અધિકારી પાસેથી આદેશ મેળવીને, નોન-કોગ્નીઝેબલ ગુનાની તપાસ કરી શકાય ?

(A) એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ

(B) જિલ્લા પોલીસ અધિક્ષક

(C) ડી.વાય.એસ.પી.

(D) જ્યુડીશીઅલ મેજિસ્ટ્રેટ-ફર્સ્ટ ક્લાસ

69. સી.આર.પી.સી.ના પ્રબંધો અનુસાર, 'ફરારી' માટેના જાહેરનામાની મુદત કેટલા દિવસની હોય છે ?

(A) પંદર દિવસ (B) સાત દિવસ

(C) એકવીસ દિવસ (D) ત્રીસ દિવસ

70. સી.આર.પી.સી.ના પ્રબંધો સંદર્ભે, તહોમતનામાનો હેતુ શું છે ?

(A) આરોપીને ધમકાવવો

(B) તકસીરવાર ઠરાવવો

(C) આરોપીને ગુના અંગેની જાણ કરવી

(D) સાક્ષી હાજર રહે તે માટે સૂચના આપવી

71. "દસ્તાવેજ"ની વ્યાખ્યામાં નીચેનામાંથી કઈ બાબતોનો સમાવેશ થાય છે ?

(A) શિલાલેખ (B) ધાતુપત્ર

(C) મુદ્રિત સામગ્રી (D) ઉપરના તમામ (A), (B) અને (C)

72. ગૌણ (Secondary) પુરાવો નીચેનામાંથી ક્યા સંજોગોમાં રજૂ કરી શકાય ?

(A) જ્યારે મૂળ દસ્તાવેજનો નાશ થઈ ગયો હોય

(B) જ્યારે મૂળ દસ્તાવેજ સામા પક્ષકાર પાસે હોય

(C) જ્યારે મૂળ દસ્તાવેજ ખોવાઈ ગયો હોય

(D) ઉપરના બધા સંજોગોમાં (A), (B) અને (C)

Happy Academy

73. હકીકત (FACT) શબ્દમાં નીચેનામાંથી કઈ બાબતનો સમાવેશ થાય છે ?
(A) કોઈ વ્યક્તિ અમુક શબ્દ બોલ્યો
(B) કોઈ વ્યક્તિએ કંઈક સાંભળ્યું અથવા જોયું
(C) કોઈ વ્યક્તિની અમુક પ્રતિષ્ઠા હોય
(D) ઉપરના તમામ (A), (B) અને (C)

74. ઈન્સાફી કાર્યવાહીના ક્યા તબક્કે સૂચક પ્રશ્ન પૂછવામાં આવે છે ?
(A) પુનઃતપાસ સમયે (B) સર તપાસ સમયે
(C) ઉલટ તપાસ સમયે (D) સર તપાસ અને પુનઃતપાસમાં

75. ભારતના પુરાવાના કાયદાના સંદર્ભે, નીચેનામાંથી સહતહોમતદાર કોને ગણી શકાય ?
(A) ગુનાને નજરે જોનાર
(B) ગુનાની જગ્યા પર નિવાસ કરનાર
(C) ગુનો થયાની માહિતી હોવા છતાં પોલીસને જાણ ન કરનાર
(D) ગુનામાં સાથ આપનાર કે ભાગીદાર

76. ભારતના પુરાવાના કાયદાની કલમ-32(1) અન્વયે કરવામાં આવેલ મરણોત્તર નિવેદન (Dying Declaration) નીચેનામાંથી કઈ કાર્યવાહીમાં ગ્રાહ્ય ગણાય છે ?
(A) દીવાની કાર્યવાહીમાં (B) ફોજદારી કાર્યવાહીમાં
(C) (A) અને (B) બંનેમાં (D) ઉપરમાંથી કોઈનામાં નહીં

77. ભારતના પુરાવાના કાયદા સંદર્ભે, સર તપાસ એટલે શું ?
(A) સાક્ષીને પુરાવા સાથે બોલાવી તપાસ કરવી
(B) સાક્ષીને સોગંદ પર તપાસ કરવી
(C) સાક્ષીને બોલાવનાર પક્ષકાર દ્વારા તેની તપાસ
(D) ઉપરના તમામ

78. પાણીની ઘનતા સૌથી વધુ હોય છે.
(A) $100^0$ સે. પર (B) $0^0$ સે. પર
(C) $-4^0$ સે. પર (D) $4^0$ સે. પર

79. શુદ્ધ પાણીના pHનું પ્રમાણ કેટલું હોય છે ?
(A) 0 (B) 7.0
(C) 8.0 (D) 14.0

80. હાઈડ્રોજનને સળગાવાથી શું બનશે ?
(A) ઑક્સિજન (B) રાખ
(C) માટી (D) પાણી

81. કૃત્રિમ વરસાદ માટે શાનો ઉપયોગ થાય છે ?
(A) સોડિયમ આયોડાઈડ (B) સિલ્વર આયોડાઈડ
(C) કેલ્શિયમ આયોડાઈડ (D) સોડિયમ ઓક્સાઈડ

82. લોહીના દબાણ માપવાના સાધનને શું કહે છે ?
(A) સ્ટેથોસ્કોપ (B) સ્પીડોમીટર
(C) સ્ફિગ્મોમેનોમીટર (D) સ્ફિરોમીટર

83. ક્યું જોડકું ખોટું છે ?
(A) શુક્રપિંડ-ટેસ્ટોસ્ટેરોન (B) સ્વાદુપિંડ-ઇન્સ્યુલીન
(C) પિચ્યુટરી-ઈસ્ટ્રોજન (D) એડ્રીનલ-કાર્ટીસોલ

84. ક્યો પદાર્થ કાર્બનથી બનેલો નથી ?
(A) હિરો (B) કોલસો
(C) ચાંદી (D) ગ્રેફાઈટ

85. લાફિંગ ગેસ તરીકે ઓળખાય છે -
(A) નાઈટ્રોજન ડાયોક્સાઈડ (B) નાઈટ્રસ ઑક્સાઈડ
(C) નાઈટ્રસ ડાયોક્સાઈડ (D) નાઈટ્રોજન ઑક્સાઈડ

86. ક્યા રોગકારક વિષાણુના કારણે કમળો થાય છે ?
(A) હિપેટાઈટીસ (B) ઈ કોલાઈ
(C) ટ્યુબરકલ બેસીલસ (D) બેસીલસ એન્થ્રેસીસ

87. 2020ની ઓલમ્પિક રમતો ક્યા શહેરમાં યોજાનાર છે ?
(A) ટોકીયો (B) વોશિંગ્ટન
(C) શાંઘાઈ (D) મોસ્કો

88. ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ કોણ છે ?
(A) જસ્ટીસ આર સુભાષ રેડ્ડી
(B) જસ્ટીશ કલ્પેશ ઝવેરી
(C) જસ્ટીસ બી. એન. કારીયા
(D) જસ્ટીસ અલ્પેશ વાય કોગજે

89. ધોળાવીરા ગુજરાતમાં ક્યા જિલ્લામાં આવે છે ?
(A) બનાસકાંઠા (B) પાટણ
(C) કચ્છ (D) ભાવનગર

90. 'જય જય ગરવી ગુજરાત' કાવ્યના કવિ કોણ છે ?
(A) કલાપી (B) નર્મદ
(C) સ્નેહરશ્મિ (D) કાન્ત

91. એક નોટિકલ માઈલ બરાબર :
(A) 1.85 કિ.મી. (B) 1.61 કિ.મી.
(C) 1.65 કિ.મી. (D) 1.4 કિ.મી.

92. 'ભારતની પ્રજા અતિ પ્રાચીન યુગથી પર્યાવરણ પ્રેમી રહી છે,' એમ શા પરથી કહી શકાય ?
(A) કુટુંબપ્રેમથી (B) ઉત્સવપ્રેમથી
(C) દેશપ્રેમથી (D) વૃક્ષપ્રેમથી

Happy Academy

93. ધાતુની શોધ નહોતી થઈ ત્યારે શેમાંથી બનાવેલાં પાત્રો - વાસણોનો ઉપયોગ થતો હતો ?
(A) માટીમાંથી (B) અકીકમાંથી
(C) પથ્થરમાંથી (D) લાકડામાંથી

94. પાટણનાં પટોળાંની કલા ક્યા રાજવીના સમયમાં વિકાસ પામી હતી ?
(A) સિદ્ધરાજ જયસિંહના (B) મૂળરાજ સોલંકીના
(C) વનરાજ ચાવડાના (D) ભીમદેવના

95. નૃત્યના દેવાધિદેવ કોણ હતા ?
(A) નટરાજ (B) નારદ
(C) વિષ્ણુ (D) બ્રહ્મા

96. મોઢેરાનું સૂર્યમંદિર ગુજરાતના ક્યા જિલ્લામાં આવેલું છે ?
(A) મહેસાણા (B) સાબરકાંઠા
(C) અમદાવાદ (D) ખેડા

97. દેલવાડાનાં જૈન મંદિરો ક્યા રાજયમાં આવેલાં છે ?
(A) મહારાષ્ટ્ર (B) ગુજરાત
(C) રાજસ્થાન (D) મધ્યપ્રદેશ

98. મનોવિજ્ઞાનની કઈ શાખા સામાજિક પરિસ્થિતિમાં વ્યક્તિના વર્તનને સમજવાનો પ્રયાસ કરે છે ?
(A) સમાજલક્ષી (B) વિકાસાત્મક
(C) મનોમાપનલક્ષી (D) પર્યાવરણલક્ષી

99. કુદરતના જે સર્જનોમાં ચેતનાનો સંચાર થતો હોય તેને શું કહેવાય ?
(A) નિર્જીવ (B) અનુવંશ
(C) સજીવ (D) વારસો

100. કઈ શૈલીમાં ઉછરેલાં બાળકો સહકારની ભાવના વગરનાં હોય છે ?
(A) આપખુદ (B) અધિકારવાદી
(C) લાડ લડાવવાની (D) સામેલગીરી વિનાની

## Answers : Gujarat Police Constable Dt. 23-10-16

1. (B) 8
2. (B) સાક્ષી મલિક
3. (B) શોટ પુટ (ગોળાફેંક)
4. (A) દેવેન્દ્ર જાજરીયા
5. (D) 2015, કેરાલા
6. (B) જમૈકા
7. (B) ઉપરાષ્ટ્રપતિ શ્રી હામિદ અન્સારી
8. (A) એન્ડી મુરે
9. (A) લિયેન્ડર પેસ-માર્ટીના હિંગીસ
10. (B) 1800
11. (C) 81
12. (A) સરહદ
13. (A) પુરુષની બહેન છે.
14. (C) ગુરુવાર
15. (C) 100
16. (A) – 10
17. (C) 50
18. (A) 3256
19. (B) 'અ' સામે ભારતમાં જે સ્થળે તે મળી આવે તે સ્થળની અદાલતમાં ભારતીય ફોજદારી ધારા હેઠળ ટ્રાયલ ચાલશે.
20. (A) પાંચ
21. (B) બખેડો
22. (C) લૉર્ડ મેકોલે
23. (A) બે
24. (B) ગંભીર ઈજા
25. (B) 1થી 511
26. (D) 302
27. (B) ચોરી કરવાનો પ્રયત્નના ગુના માટે જવાબદાર છે.
28. (C) બિગાડ
29. (C) રાજસ્થાની
30. (B) ભારતના રાષ્ટ્રપતિ
31. (D) ભારતના રાષ્ટ્રપતિ
32. (C) બેતાલીસમો સુધારો (1976)
33. (D) ભારતીય વિદેશ સેવા
34. (C) અનુચ્છેદ 356
35. (C) હામીદ અન્સારી
36. (C) 35 વર્ષ
37. (B) અનુચ્છેદ 226
38. (B) ગુરૂ
39. (B) ભૂકંપની તીવ્રતા

Happy Academy

40. (D) આગ્નેય
41. (B) હીરો
42. (B) ઓઝોન
43. (A) હાઈગ્રોમીટર
44. (D) હિમાલય પર્વત
45. (B) અલ્હાબાદ
46. (D) એકપણ નહીં
47. (C) Wide Area Network
48. (A) URL
49. (D) King
50. (C) Carbon Copy
51. (D) Apple
52. (D) Access
53. (A) ઓપ્ટિકલ કેરેક્ટર રેકગ્નીસન
54. (C) પોર્ટેબલ ડોક્યુમેન્ટ ફોર્મેટ
55. (A) Internet Service Provider
56. (C) સ્વામી વિવેકાનંદ
57. (D) બાબર તથા ઈબ્રાહીમ લોધી વચ્ચે
58. (D) ચાંપાનેર
59. (B) અમૃતસરમાં
60. (B) મદન મોહન માલવીયા
61. (A) વિલિયમ બૈન્ટિક
62. (C) ઍની બેસન્ટ
63. (D) મૈગેસ્થનીજ
64. (B) મુંબઈ-થાણે
65. (C) ફરજીયાત છે.
66. (C) સી.આર.પી.સી. કલમ-125
67. (C) એક વર્ષ
68. (D) જ્યુડીશીઅલ મેજિસ્ટ્રેટ-ફર્સ્ટ ક્લાસ
69. (D) ત્રીસ દિવસ
70. (C) આરોપીને ગુના અંગેની જાણ કરવી
71. (D) ઉપરના તમામ (A), (B) અને (C)
72. (D) ઉપરના બધા સંજોગોમાં (A), (B) અને (C)
73. (D) ઉપરના તમામ (A), (B) અને (C)
74. (C) ઉલટ તપાસ સમયે
75. (D) ગુનામાં સાથ આપનાર કે ભાગીદાર
76. (C) (A) અને (B) બંનેમાં
77. (C) સાક્ષીને બોલાવનાર પક્ષકાર દ્વારા તેની તપાસ
78. (D) $4^0$ સે. પર
79. (B) 7.0
80. (D) પાણી
81. (B) સિલ્વર આયોડાઈડ
82. (C) સ્ફિગ્મોમેનોમીટર
83. (C) પિચ્યુટરી-ઈસ્ટ્રોજન
84. (C) ચાંદી
85. (B) નાઈટ્રસ ઑક્સાઈડ
86. (A) હિપેટાઈટીસ
87. (A) ટોકીયો
88. (A) જસ્ટીસ આર સુભાષ રેડ્ડી
89. (C) કચ્છ
90. (B) નર્મદ
91. (A) 1.85 કિ.મી.
92. (D) વૃક્ષપ્રેમથી
93. (A) માટીમાંથી
94. (A) સિદ્ધરાજ જયસિંહના
95. (A) નટરાજ
96. (A) મહેસાણા
97. (C) રાજસ્થાન
98. (A) સમાજલક્ષી
99. (C) સજીવ
100. (C) લાડ લડાવવાની

Happy Academy